# પાણીની સમસ્યા ઉકેલવા કાંકરેજ તાલુકાના સરપંચોની ઉગ્ર રજૂઆત

કાંકરેજ, તા. ૧૯

કાંકરેજ તાલુકાના કુંવારવા ગામે સરપંચોની મીટીંગ યોજવામાં આવી હતી. જેમાં દુગ્રાસણના પૂર્વ સરપંચ વિક્રમજી ઠાકોર અને કુંવારવા સરપંચ અંબારામભાઈ રાવલ, ઝાલમોર-જયંતીભાઈ ડાભાણી, આકોલી-ગાંડાજી વાઘેલા, આંબલુન-સોવનજી ઠાકોર, અરડુવાડા-વાલજી ઠાકોર, સમણવા-રણજિતસિંહ વાઘેલા, ઠાકોર ડે. સરપંચ કુંવારવા સહિત સભ્યો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. જો કે આ બાબતે સરપંચો દ્વારા પાણીના તળ ખૂબજ ઊંડા જવાથી ન છૂટકે તળાવો ભરવા માટે અને



જીવાભાઈ ચૌધરીની અધ્યક્ષસ્થાને મીટીંગનું આયોજન કરાયુ હતુ. ખેડૂત હિતલક્ષી અને પશુપાલન માટે અત્યારે ખૂબજ પાણીની જરૂરીયાત હોઈ કોઈપણ રાજકીય કાવાદાવા વગરની મીટીંગમાં દરેક સરપંચ રાઠોડવાસ-રંગુજી રાઠોડ, મંગળપુરા-વિજયજી ઠાકોર, સવપુરા-મુકેશજી ગોયલ, દુદાસમ-લવજીજી ઠાકોર, રણાવાડા, ચિમનગઢ-મનુભાઈ જોષી, પાદર-સવરામભાઈ જોષી, ભલગામ-વિજુભાઈ વાઘેલા, વડા-પ્રહલાદસિંહ વાઘેલા, નાણોટા-નથાભાઈ મકવાણા, માળીગોળીયા-વજુભા વાઘેલા, ચેખલા-ઉમેદજી ઠાકોર, કુંવારવા ડેલીગેટ-બદાજી વાઘડિયા, વડા ડેલીગેટ પ્રવિણસિંહ વાઘેલા, ઝેણુભા વાઘેલા, ઉ.પ્ર. કાંકરેજ ભાજપ, ચંદુજી માનવજીવન સાથે પશુપાલન માટે સરકારને રજુઆત કરવા માટે એકઠા થઈ ચર્ચા કરી હતી. આગામી તા. ૨૨-૬-૨૦૧૭ના રોજ કાંકરેજના દુગાવાડા હનુમાનજી મંદિર ખાતે કાંકરેજના તમામ સરપંચો એકઠા થઈને મીટીંગ યોજી ત્યારબાદ મામલતદાર કાંકરેજને આવેદનપત્ર આપશે.



ગાંધીનગર તાલુકાના મેદરા ગામે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત મેદરા-રણાસણ માર્ગનું ખાતમુહૂર્ત અને નર્મદા કેનાલ પાસે નર્મદા જળપૂજન-વધામણાનો કાર્યક્રમ રવિવારના રોજ સવારે ૯ કલાકે યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, કિસાન મોરચો ગુજરાત પ્રદેશ મહામંત્રી હિતેન્દ્રભાઈ પટેલ, તાલુકા ભાજપના મંત્રી પંકજભાઈ પટેલ, યોગેશભાઈ પટેલ, પોપટસિંહ ગોહિલ, ગામના સરપંચ જસુજી ઠાકોર સહિત મેદરા, રાયપુર, વિરાતલાવડી, લીમ્બડીયા, રણાસણ ગામના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# યોગશિબિરમાં આશરે સવા બે લાખથી વધુ લોકો જોડાશે

અમદાવાદ, તા.૧૯

વિશ્વ યોગ દિનની ઉજવણી અનુસંધાનમાં તા.૨૧મી જૂનના રોજ શહેરના જીએમડીસી ગ્રાઉન્ડ, જીએમડીસી એ ગ્રાઉન્ડ, અમદાવાદ એજ્યુકેશન સોસાયટી ગ્રાઉન્ડ, સૌરભ ચાર રસ્તા તથા ગુજરાત સ્પોર્ટસ કલબ સીંગલ ટ્રેક ગ્રાઉન્ડ અને ગુજરાત યુનિવર્સિટી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે યોગનો જાહેર કાર્યક્રમ હોઈ અને તેમાં વિશાળ સંખ્યામાં લોકો ભાગ લેનાર હોઈ ટ્રાફિકીની ખાસ વ્યવસ્થા અને તેના રૂટ ડાયવર્ઝન અંગે શહેર પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું જારી કરવામાં આવ્યું છે. જેમાં ૧૦ જેટલા રૂટો બંધ કરી છ જેટલા વૈકલ્પિક રૂટ ફાળવાયા છે. આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલ-૧૩૧ અન્વયે કાર્યવાહી કરવામાં આવશે. આ જાહેરનામું તા.૨૧મી જૂને સવારે ૩-૦૦થી બપોરે ૧૧-૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે. અમદાવાદ શહેરમાં જીએમડીસી ગ્રાઉન્ડ સહિતના ગ્રાઉન્ડમાં યોજાનાર યોગશિબિરમાં આશરે સવા બે લાખથી વધુ લોકો ભાગ લેવાના છે. જેમાં લોકોને લાવવા લઈ જવા માટે તંત્ર દ્વારા છ હજારથી વધુ બસોની ફાળવણી કરવામાં આવી છે.

# પ્રાંતિજ પ્રાન્ત કચેરી ખાતે બાળ અધિકાર જવાબદારી આપણી સૌની કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા.૧૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના માધ્યમ દ્વારા પ્રાંતિજ- તલોદનો સંયુક્ત કાર્યક્રમ પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે યોજાઈ ગયો.

પ્રાંતિજ ખાતે તા.૧૯ મી જુન સોમવારના રોજ બાળ અધિકાર જવાબદારી આપણી સૌની અંતગર્ત વર્કશોપ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેર પર્સન જાગૃતિ બેન પંડ્યા, પ્રાંતિજ- તલોદના પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરી, પ્રાંતિજ મામલતદાર ડી.એલ. રાઠોડ, તાલુકા શિક્ષણાધિકારી ટી.કે.વાઘેલા, રાજુભાઈ પટેલ, વિપુલભાઈ પટેલ સહિત વિવિધ શાળાના આચાર્ય તથા પ્રાંતિજ- તલોદ તાલુકાના સરપંચો, આંગણવાડી કાર્યકરો, એસ. એમ. સીના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. જયારે કેટલાક સરપંચોને પ્રમાણપત્રો આપવામાં આવ્યાં હતાં જયારે ગાંધીનગરની અરિહંત આર્ટ કોમ્યુનિકેશન સંસ્થાના કલાકારોએ રંગલા- રંગલીના ભવાઈ નાટક કાર્યક્રમો દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન, પોકસો, જુવેનાઈલ જસ્ટિસ એકટ બાળ મજુરી, બાળલગ્ન, પાલક યોજના તેમજ ફરજિયાત અને મફત શિક્ષણ, કિશોર ન્યાય કાયદો, જાતીય અપરાધ/ શોષણ સામે સુરક્ષા વિશે ભવાઈ કાર્યક્રમ દ્વારા ઉપસ્થિત લોકોને માહિતગાર કર્યા હતાં.



તાજેતરમાં મહેસાણાના કેતન પટેલના થયેલા કસ્ટોડીયલ ડેથની દુઃખદ ઘટનાને બારોટ સમાજે વખોડી કાઢી વેદના વ્યક્ત કરે છે. પરંતુ માત્ર સમાજના એક વિશાળ સમુદાયને રાજી રાખવા નાની કોમના વયોવૃદ્ધ ફરીયાદીને ખૂન કેસ જેવા ગંભીર ગુનામાં સંડોવી ફરીયાદ થયાની સાથે બીજી જ મિનિટે જ્યુડીસીયલ ઈન્કવાયરીનો રિપોર્ટ આપ્યા પહેલા ધરપકડ કરવામાં આવે તે હળાહળ અન્યાય છે. જેને પગલે આજે ગાંધીનગર જિલ્લા કલેક્ટરને બ્રહ્મભટ્ટ યુવા નવનિર્માણ સેના દ્વારા આવેદન પત્ર પાઠવી આ અંગે યોગ્ય કરવા રજૂઆત કરી છે.

## આજે શ્રદ્ધાંજલિ સભા

જાણીતા સમાજશાસ્ત્રી અને સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના નિવૃત્ત પ્રાધ્યાપક ડૉ. એડવિન જે. મસીહીનું દુઃખદ અવસાન થયું છે. ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદ અને સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે સદગત ડૉ. એડવિન જે. મસીહીની શ્રદ્ધાંજલિ સભા આવતીકાલ તા. ૨૦મી જૂન, ૨૦૧૭ને મંગળવારના રોજ બપોરે ૩ વાગે સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજવામાં આવી છે.

# મોડાસામાં ટાઉન પોલીસ સ્ટેશને રથયાત્રા નિમિતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૧૯

મોડાસા શહેરમાં અષાઢી બીજ ૨૫ જૂનના રોજ રવિવારે યોજાનાર ૩૫મી ભવ્ય રથયાત્રા અને રમજાન ઈદ નીમીત્તે શહેરમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાયી રહે અને રથયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ના બને અને સદભાવના પૂર્વક હિન્દુ અને મુસ્લિમ સમાજ દ્વારા બંને તહેવાર ઉલ્લાસપૂર્વક સંપૂર્ણ થાય તે માટે સોમવારે સાંજના સુમારે મોડાસા





ટાઉન પોલીસ સ્ટેશને ડી.વાય.એસ.પી. કે. એફ. બડોલીયાની અધ્યક્ષસ્થાન હેઠળ પી.આઈ.નાગજી રબારીની ઉપસ્થિતિમાં રથયાત્રા સમિતિ ના પ્રમુખ નિલેશભાઈ જોશી, મંત્રી ભરત ભાવસાર, પૂર્વ પ્રમુખ નાનાલાલ પ્રજાપતિ, રમેશભાઈ કડિયા, દિલીપ ભાવસાર, જગદીશ પટેલ, જય અમીન અને કસ્બા જમાતના પ્રમુખ રફીક જમાદાર, અખ્તર ચિસ્તી, મંસૂર બેલીમ, રજુ કટકટ, દાઉદ પહોચીયા, હબીબ ટીંટોઈયા, ભાજપના શહેર પ્રમુખ જગદીશ ભાવસાર, નગરપાલિકા કારોબારી ચેરમેન સુભાષ શાહ, શૈલેષભાઈ ભોઈ, નીતિન પંડ્યા, વાડીલાલ કડિયા સહીત રથયાત્રા ઉત્સવ સમિતિના સદશ્યો અને મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહી રથયાત્રા અને રમજાન ઈદ નીમીત્તે ભાઈચારો જળવાયી રહે અને શાંતિપૂર્વક ઉજવવાની ચર્ચા કરી હતી અને પોલીસ તંત્રનો સહયોગ મળી રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

## કંપની સમાચાર

### જીટીપીએલ હેથવે લિમિટેડ આઈપીઓ ૨૧ જૂન, ૨૦૧૭ને બુધવારે ખુલશે અને ૨૩ જૂન, ૨૦૧૭ને શુક્રવારે બંધ થશે

જીટીપીએલ હેથવે લિમિટેડ (''કંપની'' કે ''ઈશ્યૂઅર'') એ ૨૧ જૂન ૨૦૧૭ને બુધવારે રોકડના બદલામાં (શેર પ્રીમિયમ સહિત) રૂ. ૧૦ ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર'')નો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. જેમાં રૂ. ૨.૪૦૦ મિલિયનના નવા ઈક્વિટી શેર (''ફ્રેશ ઈશ્યૂ'') અને ૧૪,૪૦૦,૦૦૦ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે. આ ઓફર ફોર સેલમાં શ્રી અનિરૂદ્ધસિંહજી જાડેજાના ૧,૧૩૬,૦૦૦ ઈક્વિટી શેર, કનકસિંહ રાણાના ૪૪૦,૦૦૦ ઈક્વિટી શેર, ગુજરાત ડિજિ કોમ પ્રાઈવેટ લિમિટેડના ૫,૪૮૦,૦૦૦ ઈક્વિટી શેર, હેથવે કેબલ એન્ડ ડેટાકોમ લિમિટેડના ૭,૨૦૦,૦૦૦ ઈક્વિટી શેર અને અમિત શાહના ૧૪૪,૦૦૦ ઈક્વિટી શેર (સંયુક્તપણે - વિક્રેતા શેરધારકો) સામેલ છે. બિડ/ઓફર ૨૩ જૂન, ૨૦૧૭ને શુક્રવારે બંધ થશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૬૭ થી રૂ. ૧૭૦ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુત્તમ ૮૮ ઈક્વિટી શેર અને પછી ૮૮ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે.

સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન, ૨૦૦૯, જેમાં થયેલા સુધારા મુજબ (''સેબી આઈસીડીઆર રેગ્યુલેશન''), કંપની બીઆરએલએમ સાથે ચર્ચા કરીને એન્કર રોકાણકારો દ્વારા સહભાગીતાનો વિચાર કરી શકે છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/એફરનો ગાળો બિડ/ઓફર ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ એટલે કે મંગળવારે, ૨૦ જૂન, ૨૦૧૭ રહેશે.

### ગુજરાત ડ્રાય ફ્રુટ્સ એન્ડ કિરાના એસોસિયેશને ઉંચા જીએસટી દરોના વિરોધમાં બંધ પાળ્યો

ડ્રાયફ્રુટ્સ ઉપર ૧૨ ટકા જીએસટીનો વિરોધ કરતા ડ્રાયફ્રુટ્સ એન્ડ કિરાના એસોસિયેશન ઓફ ગુજરાતે સંપૂર્ણ બંધ પાળ્યો હતો. દેશભરના તમામ મોટા ટ્રેડ એસોસિયેશન્સે બંધને પોતાનું સમર્થન જાહેર કરીને દુકાનો બંધ રાકી હતી. ડ્રાય ફ્રુટ્સ એન્ડ કિરાના એસોસિયેશન ઓફ ગુજરાતની સાથે સાથે દિલ્હી, મુંબઈ, જયપુર અને અન્ય મહત્વપૂર્ણ માર્કેટ્સના ડ્રાય ફ્રુટ્સ અને કિરાણા મર્ચન્ટસે પોતાની ચિંતા વ્યક્ત કરતાં સંપૂર્ણ બંધ પાળ્યો હતો.

ડ્રાય ફ્રુટ્સ એસોસિયેશનના ચેરમેન હિતેશભાઈ પરિયાની અને કિરાણા એસોસિયેશનન્સના વાઈસ ચેરમેન લલિતભાઈ શાહે જણાવ્યું હતું કે, 'સરકારના જીએસટી લાગુ કરવાના ક્રાંતિકારી પગલાને અમે આવકારીએ છીએ અને અમે જીએસટીને સમર્થન કરીએ છીએ. જોકે, ડ્રાય ફ્રુટ્સ અને કિરાના ઉપર જીએસટીના ઉંચા દરો વ્યવહારૂ નથી. સત્તાવાળાઓ સમક્ષ અમારી ચિંતા રજૂ કરવાના વારંવાર પ્રયાસો કરવા છતાં અમે અનુભવ્યુ છે કે અમારી રજૂઆતોને ધ્યાનમાં લેવાઈ નથી. આથી આ બંધ દ્વારા અમે સંબંધિત સત્તામંડળનું ધ્યાન આકર્ષિત કરવા માંગીએ છીએ કે કેવી રીતે ઉંચા જીએસટી દરોથી અમારી આજીવિકાને અસર થશે. ડ્રાય ફ્રુટ્સ ઉપર હાલના ૫ ટકા વેટની સામે ડ્રાય ફ્રુટ ઉપર ૧૨ ટકા જીએસટી નક્કી કરવામાં આવ્યો છે.

### ગુજરાતમાં કુરિયર સર્વિસ ક્ષેત્રે પ્રથમ અને એક માત્ર લિમિટેડ કંપનીની ગણના સાથે શ્રી નંદન કુરિયર પ્રા.લિ.માંથી બની ગઈ છે લિમિટેડ કંપની

આજે સોશિયલ મીડિયા ગમે તેટલુ આગળ વધી ગયુ પરંતુ કોઈ પણ વસ્તુ હોય, ભેટ-સૌગાદ હોય, જરૂરી દસ્તાવેજ હોય કે ટેન્ડર હોય, લગ્નથી માંડી કોઈ પણ પ્રસંગ હોય કે પછી ભાઈ બહેનના પ્રેમનો તહેવાર રક્ષાબંધન હોય, દરેક પળે કુરિયર સર્વિસ આપણા સુખ-દુખ અને અભિવ્યક્તિ તથા સંદેશા અને વસ્તુઓની આપ-લેનો એક અહમ હિસ્સો બની ગઈ છે. શિક્ષણ સંસ્થાથી માંડી કોઈ પણ સંસ્થા હોય કે પછી કોઈ પણ કંપની હોટ, કોઈ પણ વ્યક્તિ દરેકને કુરિયર સર્વિસની જરૂર પડે છે. આમ આપણા રોજિંદા જીવન અને વ્યસાયિક કામકાજ સાથે આપણી જિંદગીનો મહત્વનો ભાગ બની ગયેલી કુરિયર સર્વિસ સમગ્ર દેશમાં એક મહત્વની સર્વિસ બની ગઈ છે.

આજે ગુજરાત સહિત સમગ્ર દેશમાં અનેક કુરિયર કંપનીઓ છે, પરંતુ તેમાંની કેટલીક કંપનીઓ જ આ સર્વિસને સાચી રીતે સમજીને ગ્રાહકોનો વિશ્વાસ જીત્યો છે, અને તેમાંની એક કંપની છે ગુજરાતની જાણીતી શ્રી નંદન કુરિયર સર્વિસ. પોતાની ઉત્તમ સેવા, આધુનિકતા અને નવીનતા સાથે આગવું સ્થાન ધરાવતી શ્રી નંદન કુરિયર સર્વિસ કંપની આજે તેના ચાર યશસ્વી વર્ષ પૂર્ણ કરીને પાંચમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે.

નંદન કુરિયર ચાર વર્ષમાં જ પ્રથમ લિમિટેડ કુરિયર કંપની બની ગઈ છે. આ ઉપરાંત કંપનીના પાંચમા વર્ષમાં મંગળ પ્રવેશ પ્રસંગે એક મહત્વની જાહેરાત પણ કરવામાં આવી છે. જે મુજબ શ્રી નંદન કુરિયર તેના ગ્રાહકો માટે શરૂ કરી રહી છે એક પ્રિમીયમ સર્વિસ જેમાં હવે ગ્રાહકને એક શહેરથી અન્ય શહેરમાં કુરિયર મોકલતી વખતે સેનટ્ર ટુ સેન્ટર કુરિયર કે પાર્સલ પહોંચ્યાની જાણકારી મળશે. ગ્રાહકને કોઈપણ શહેરમાં કોઈ પણ બ્રાંચ પરથી કુરિયર મોકલતા જ રીસિવિંગનો મેસેજ આવશે. ત્યારબાદ ત્યાંથી ઝોનલ બ્રાંચમાં પહોંચ્યાનો ત્યારબાદ ત્યાંથી પાર્સલ અન્ય શહેર કે સેન્ટર માટે નીકળ્યાનો અને ત્યારબાદ જ્યાં પહોંચવાનું છે.

### રામનાથ કોવિંદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે, દલિત ચહેરો હોવાના પરિણામ સ્વરુપે કોવિંદના નામ પર વિરોધ થવાની શક્યતા નહીંવત છે. કોવિંદ કાનપુરના નિવાસી છે. પહેલી ઓક્ટોબર ૧૯૪૫ના દિવસે કાનપુર દેહાતમાં તેમનો જન્મ થયો હતો. કાનપુર યુનિવર્સિટીમાંથી બીકોમ અને એલએલબીની ડિગ્રી હાસલ કરી ચુક્યા છે. જાણકાર લોકોના કહેવા મુજબ કોવિંદ પોતાના સમયમાં ખુબ જ હોશિંયાર વિદ્યાર્થી રહ્યા હતા અને ભણવામાં તમામ વિદ્યાર્થીઓને પાછળ છોડી દેતા હતા. રામનાથ કોવિંદ ૧૯૭૧માં બાર કાઉન્સિલ ઓફ દિલ્હીમાં રજિસ્ટ્રાર થયા હતા. ત્યારબાદ કોવિંદે દિલ્હી હાઈકોર્ટમાં ૧૯૭૭-૭૯ સુધી વકીલાત કરી હતી. કોવિંદ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં ૧૬ વર્ષનો અનુભવ ધરાવે છે. દલિત સમુદાયના કોવિંદ ઉત્તર પ્રદેશમાંથી બે વખત રાજ્યસભાના સભ્ય રહ્યા છે. રામનાથ કોવિંદ ૧૯૭૭માં પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈના ખાસ કાર્યકારી અધિકારી રહી ચુક્યા છે. રામનાથ કોવિંદ ૧૯૯૪માં ઉત્તર પ્રદેશમાંથી પ્રથમ વખત રાજ્યસભામાં સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ૨૦૦૬ સુધી સાંસદ રહ્યા હતા. રામનાથ કોવિંદ ગૃહ મામલાઓની કમિટિ સહિત અનેક સંસદીય કમિટિઓમાં સામેલ રહ્યા છે. કોવિંદ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સાથે પણ સંબંધ ધરાવે છે. રામનાથ કોવિંદને બિહારના રાજ્યપાલ પણ એકાએક બનાવવામાં આવ્યા હતા. તે વખતે સત્તારુઢ જેડીયુ દ્વારા તેમનો વિરોધ કરાયો હતો. રામનાથ કોવિંદે સમાજના નબળા વર્ગ માટે ખુબ કામ કર્યુ છે. તેઓએ અનુસૂચિત જાતિ અને જનજાતિની મહિલાઓને મફત કાયદાકીય સલાહો આપી છે. અમિત શાહે આજે જાહેરાત કરતા કહ્યું હતુ કે, દલિત અને પછાત વર્ગ માટે કોવિંદ હમેશા સંઘર્ષ કરતા રહ્યા છે. શાહના કહેવા મુજબ વડાપ્રધાને પોતે સોનિયા ગાંધી સાથે વાતચીત કરી હતી. મનમોહનસિંહ સાથે પણ વાતચીત કરવામાં આવી ચુકી છે. તમામને નિર્ણય અંગે જાણ કરવામાં આવી ચુકી છે. અમિત શાહે સ્પષ્ટતા કરી હતી કે, ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારને લઈને હજુ કોઈ ચર્ચા થઈ નથી.

અમિત શાહે કહ્યું હતું કે, સોનિયા ગાંધી અમને કહી ચુક્યા છે કે, તેઓ વાતચીત કરીને પોતાના નિર્ણય અંગે જણાવશે. બીજી બાજુ તેલંગાણના મુખ્યમંત્રી અને ટીઆરએસના વડા કેસી રાવે કોવિંદના નામને સમર્થન આપવાની જાહેરાત કરી દીધી છે. મોદીએ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ, તમિળનાડુના મુખ્યમંત્રી પલાની સામી સાથે વાતચીત કરી લીધી છે. ત્યારબાદ કોવિંદના નામની જાહેરાત કરવામાં આવી હતી. બીજી બાજુ વેંકૈયા નાયડુએ ભાજપના સિનિયર નેતાઓ લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી અને અન્યો સાથે વાતચીત કરી હતી.

### રક્તપાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મસ્જિદમાંથી બહાર નિકળી રહ્યા હતા જેથી ખુબ દુવિધાભરી સ્થિતી સર્જાઈ ગઈ છે.

સ્થળ પર રહેલા જાણકાર લોકોનુ કહેવુ છે કે નિર્દોષ મુસ્લિમોને જાણી જોઈને ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા. જો વહીવટીતંત્ર આ હુમલાને સમર્થન આપે છે તો તે પણ ત્રાસવાદી હુમલો હોઈ શકે છે. ઘટનાસ્થળે રહેનાર લોકોએ કહ્યુ છે કે લોકો ઘટનાસ્થળે અંધાધુંધીમાં ભાગી રહ્યા હતા. ભારે અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. મુસ્લિમ કાઉન્સિલ ઓફ બ્રિટનના મહાસચિવે કહ્યુ છે કે લોકો નમાજ અદા કરીને બહાર નિકળી રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. વડાપ્રધાન થેરિસા મેનું કહેવું છે કે, આ બનાવને એક આતંકવાદી હુમલા તરીકે ગણી શકાય છે. જો આને સમર્થન મળશે તો બ્રિટનમાં માર્ચ મહિના બાદથી ચોથો આતંકવાદી હુમલો રહેશે. જ્યારે ચાલતા જતા લોકોને ટાર્ગેટ બનાવવાનો આ ત્રીજો હુમલો રહેશે. અડધીરાત્રિ બાદ ભાડા ઉપર લેવામાં આવેલા એક વાહનથી આ હુમલો કરવામાં આવ્યો હતો. ઘટનાસ્થળે હાજર રહેલા લોકોનું કહેવું છે કે, એક મોટી ગાડી તેમના તરફ ધસી આવી હતી. તમામ મુસ્લિમોને મારી નાંખીશ તેમ ડ્રાઈવર બૂમ પાડી રહ્યો હતો. પોલીસનું કહેવું છે કે, એક વ્યક્તિનું મોત થયું છે. જ્યારે ડ્રાઈવરની અટકાયત કરી લેવામાં આવી છે. ડ્રાઈવરની સામે હવે તપાસ હાથ ધરવામાં આવી છે. આઠ લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બ્રિટનમાં અંધાધૂંધીનો દોર પહેલાથી જ જારી છે. હાલમાં જ યોજાયેલી સંસદીય ચૂંટણીમાં થેરેસા મેને સંપૂર્ણ સમર્થન મળ્યું નથી. થેરેસા હાલમાં ટિકા ટિપ્પણીનો સામનો કરી રહ્યા છે. બુધવારના દિવસે જ લંડન ટાવર બ્લોકમાં ભીષણ આગ ફાટી નિકળી હતી જેમાં ૫૮ લોકોના મોત થઈ ચુક્યા છે. આ ઉપરાંત હાલમાં જ એક પછી એક હુમલા બ્રિટનમાં થયા છે.

### સુબ્રતો રોયને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા જ્યારે તેમની માતાનું અવસાન થયું હતું. તેમના પેરોલ આ શરત ઉપર વધારવાનો નિર્ણય કરાયો હતો જ્યારે તેઓ મૂડીરોકાણકારોને પૈસા પરત કરવા માટે સમય સમયે સેબીની પાસે નાણા જમા કરાવશે તેવી તૈયારી દર્શાવી હતી.

જસ્ટિસ દીપક મિશ્રા અને રંજન ગોગોઈની બનેલી બેંચે વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલની રજૂઆતને ધ્યાનમાં લીધી હતી. કપિલ સિબ્બલ સુબ્રતા રોય તરફથી ઉપસ્થિત રહ્યા હતા. સુબ્રતા રોય સેબી-સહારા એકાઉન્ટમાં પહેલાથી જ ૭૯૦.૧૮ કરોડ રૂપિયા જમા કરી ચુક્યા છે. બાકીની રકમ જમા કરવા માટે તેમને વધુ ૧૦ દિવસ આપવામાં આવ્યા છે. રોયે અગાઉ ક્રમશઃ ૧૫મી જૂન અને ૧૫મી જુલાઈના દિવસે સેબીને ચુકવવા માટે ૧૫૦૦ કરોડ અને ૫૫૨.૨૨ કરોડના બે ચેક જમા કર્યા હતા. નાણા નહીં મળવાને લઈને સુપ્રીમ કોર્ટે ૧૭મી એપ્રિલના દિવસે સહારા ગ્રુપની મહારાષ્ટ્રમાં એમબી વેલી સાથે જોડાયેલી ૩૪૦૦૦ કરોડની સંપત્તિને વેચી મારવાનો નિર્ણય કર્યો હતો. સાથે સાથે તેની સમક્ષ ઉપસ્થિત થવા માટે સુબ્રતાને આદેશ કર્યો હતો. ગયા વર્ષે ૨૮મી નવેમ્બરના દિવસે કોર્ટે છઠ્ઠી ફેબ્રુઆરી સુધી બીજા ૬૦૦ કરોડ રૂપિયા જમા કરવા રોયને સૂચના આપી હતી. જેલની બહાર રહેવા માટે રિફંડ ખાતામાં જંગી નાણા જમા કરવા માટે કહેવામાં આવ્યું હતું. સાથે સાથે ચેતવણી આપી હતી કે, નિષ્ફળ રહેવાની સ્થિતિમાં જેલની સજા ભોગવવી પડશે. ૬ઠ્ઠી મે ૨૦૧૬ના દિવસે રોયને ચાર સપ્તાહ માટે પેરોલ મંજુર કર્યા હતા. તેમના પેરોલને ત્યારબાદથી કોર્ટ દ્વારા સતત લંબાવવામાં આવ્યા છે. રોયને ચોથી માર્ચ ૨૦૧૪ના દિવસે તિહાર જેલમાં મોકલી દેવાયા હતા. રોય ઉપરાંત અન્ય બે ડિરેક્ટરો રવિશંકર દુબે અને અશોક રોય ચૌધરી બે ગ્રુપ કંપનીઓની નિષ્ફળતા બદલ અટકાયતમાં લેવામાં આવ્યા હતા. સુબ્રતા રોય સામે કાયદાકીય ગૂંચ હાલમાં અકબંધ રહે તેવા સંકેત છે. કારણ કે તેમની સામે સુપ્રીમ કોર્ટે સકંજો વધુ મજબૂત બનાવ્યો છે. વધુ ૧૦ દિવસની મહેતલ આપી દેવામાં આવી છે. ૭૦૯.૮૨ કરોડ રૂપિયા જમા કરવા માટે કહેવામાં આવતા હજુ તેમની તકલીફ ઓછી થાય તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. સુબ્રતા તરફથી હજુ સુધી આજના ચુકાદાને લઈને કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

### લેન્ડફિલ્ડ સાઈટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાજુમાં નદી આવેલ છે અને ચોમાસામાં પાણી ભરાય તો રોગચાળો થવાનો ભય છે તો જવાબદારી કોણ લેશે. નદીના કોતરોની બાજુમાં વસવાટ કરતા લોકો દુર્ગંધથી કેવી રીતે વસવાટ કરી શકે. આ આવેદનપત્રમાં જરૂર પડ્યે પેથાપુરના નગરજનો આંદોલન કરશે તેમ પણ જણાવાયુ છે.

ગાંધીનગર શહેરની લેન્ડફિલ્ડ સાઈટ માટે હવે નવો વિરોધ આવ્યો છે.

જો કે મનપાના તંત્રએ લેન્ડફિલ્ડ સાઈટ માટે કલેક્ટર દ્વારા જમીન ફાળવણી થઈ હોવાની જાણકારીનો ઈન્કાર કર્યો છે જ્યારે જિલ્લાતંત્રએ જગ્યા ફાળવણી કરી દેવાઈ હોવાની જાણ કરી દેવાઈ હોવાનુ જણાવ્યુ છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આ જમીન ગામથી દૂર છે અને વિવાદને કોઈ અવકાશ નથી.

### ઠેકાણે પડ્યું નથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈ ડી લાઈટનુ ફીટીંગ કરી દેવાયુ છે. જેના લીધે નગરના માર્ગો પર સફેદ અજવાળુ જોવા મળી રહયુ છે. પરંતુ એલ ઈ ડી લાઈટના પ્રોજેકટના અંતે હજુ સુધી હેલ્પલાઈનની વ્યવસ્થા અસરકારક રીતે ગોઠવાઈ શકી નથી. અલબત્ત તંત્રના જણાંવ્યા મુજબ હેલ્પલાઈન શરૂ કરી દેવાઈ છે. પરંતુ હેલ્પલાઈનના માધ્યમથી ફરિયાદોનુ ઝડપથી નિરાકરણ આવતુ નથી. વરસાદી દિવસોમાં લાઈટો ડુલ રહેવાની ફરિયાદો વધી જતી હોય છે. સેકટરોમાં હજુ પણ ઘણાં ઠેકાણે લાઈટો બંધ હોવાનો આક્રોશ નાગરિકો ઠાલવી રહયા છે. ત્યારે એલ ઈ ડી લાઈટના પ્રોજેકટના અંતે જાળવણીનુ કામ પણ યોગ્ય રીતે થાય તે માટે અનિવાર્ય છે. શહેરમાં એલ ઈ ડી લાઈટના પ્રોજેકટને અનુલક્ષી વિજબીલની બચતમાંથી જ એજન્સીને પૈસા ચુકવવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે વિજળીના બીલની બચત સાથે વિજથાંભલાઓ જળહળતા રહે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. નગરમાં એલ ઈ ડી લાઈટના મામલે તંત્રએ સમયાંતરે રાઉન્ડ લઈ અભ્યાસના અંતે બંધ લાઈટોની ફરિયાદોનુ નિરાકરણ લાવવા માટે આયોજન કરવુ જોઈએ તેવી પણ માંગ ઉઠવા પામી છે.

### લીફ્ટની સુવિધા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વેઠવી પડે તે માટે લીફટ મુકવામાં આવી હતી. પરંતુ જુના બ્લોકમાં હજુ પણ લીફ્ટ મુકવામાં આવી નથી. જેના લીધે વિકલાંગ તેમજ શારિરીક રીતે અશક્ત હોય તેવા મુલાકાતીઆને મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. જુના સચિવાલયમાં વિવિધ વિભાગની સરકારી કચેરીઓ સ્થિત હોવાથી અહીં મુલાકાતીઓ પણ મોટી સંખ્યામાં આવે છે. જયારે ત્રણ મજલાના વિવિધ બ્લોકમાં કચેરીમાં જવા માટે લીફટના અભાવ વચ્ચે વિકલાંગ મુલાકાતીઓએ પણ હાલાકી વેઠવી પડે છે. આવા સંજોગોમાં જુના સચિવાલયમાં વિકલાંગોની હાલાકીને દુર કરવા માટે લીફટ મુકવાનુ આયોજન આખરી કરવામાં આવ્યુ છે. આ મામલે ટુંકમાં જ ઉચ્ચ કક્ષાએથી જરૂરી મંજુરીના અંતે કામ હાથ ધરવામાં આવશે.

### હડતાલ પર જશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર્મચારીઓને તાત્કાલિક ફરજમુક્ત કરવા માટેની સૂચના પણ આપી હતી. આ પછી આખા પ્રકરણમાં વિવાદ ઉભો થયો છે.

આ અગાઉ મહિલા કોંગ્રેસે પણ આવેદન પત્ર આપી મહિલા-સશક્તિકરણની વાતો કરતા પક્ષના પદાધિકારી સામે પગલાં લેવા અને મહિલા કર્મચારીઓની સુરક્ષા માટે માંગણી કરતુ આવેદનપત્ર આપ્યુ હતુ જે ઉલ્લેખનીય છે.